# ફોજદારી કેસ નંબર–૨૫/૨૦૨૬ના કામે કમીટલ હુકમ

**આંક–**

**–કમીટલ ઠરાવ–**

૧) આ કામના આરોપીઓ સામે માંગરોળ પોલીસ મથકેથી તપાસના અંતે માંગરોળ પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર–૧૧૨૦૩૦૩૮૨૫૦૬૧૨/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૩૧૭(૨),૩૧૭(૪),૫૪ તથા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ–૨૦૦ની કલમ–૬૬(ડી) મુજબના ગુના સબબ ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે. આરોપી સામેના ગુના સબબ નામદાર સેશન્સ અદાલતને ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા છે, તેવી વૈધાનિક જોગવાઇ છે.

૨) આ કામે આરોપીને તેમની વિરુધ્ધના ગુનાના કામે પોલીસ પેપર્સની નકલો આપી, આરોપીનો જવાબ (પ્લી) નોંધતા, તેમણે તેમના સ્વખર્ચે વકીલ રોકવા જણાવેલ છે.

૩) ઉપરોક્ત હકિકત ધ્યાને રાખતાં, આ કેસની ઈન્સાફી કાર્યવાહી અત્રેની અદાલતને કરવાની સત્તા ન હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

૧) આ કામના આરોપી સામેનો હાલનો કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૨ અન્વયે નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટ, કેશોદ તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીને તારીખ–૦૧/૦૬/૨૦૨૬ના રોજ નામદાર સેશન્સ અદાલત, કેશોદ સમક્ષ હાજર રહેવાની જાણ કરવામાં આવે છે .

૩) આ કામનુ તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટ કેશોદમાં મોકલી આપવું તથા આ કેસ કમીટ થયાની જાણ મદદનીશ સરકારી વકીલશ્રી, કેશોદનાઓને કરવી.

આ હુકમ આજ તારીખ ૨૪મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહિ કરી જાહેર કર્યો.

**તારીખ–૨૪/૦૪/૨૦૨૬**
**સ્થળ–માંગરોળ**

**(એ.એમ.મહેતા)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.**
**માંગરોળ**